**❖ પ્રેસ નોટ ❖** **તા.૦૩/૦૫/૨૦૨૩**

**ડુંગર પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

## ➡ ગુનાની વિગતઃ-

તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ અશોકભાઇ ભગુભાઇ ખુમાણ, ઉ.વ.૪૯, રહે.સાવરકુંડલા, હાથસણી રોડ, ખોડીયાર ચોક, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળા ડુંગર ગામે કામ અર્થે આવેલ હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૫,૦૦૦/- નો કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે અશોકભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **ડુંગર પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૨૨૩૦૦૫૦ /૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને રાજુલા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન દેવકા ગામેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા ડુંગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

**ચેતન સામતભાઇ પરમાર, ઉ.વ.૨૭, રહે.ધુડીયા આગરીયા, તા.રાજુલા, જિ.અમરેલી હાલ રહે.હીંડોરણા, તા.રાજુલા, જિ.અમરેલી.**

## ⇨ રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-

**એક વીવો કંપનીનો V23 મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૫,૦૦૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા** તથા **પો.કોન્સ. લીલેશભાઇ બાબરીયા, યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.

## ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પો.સ્ટે. ના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને સાવર કુંડલા તાલુકાના વિજપડી ગામેથી દેશી હાથ બનાવટની બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઇમસોને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં ગંભિર પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે અન્વયે ગેરકાયેદસર હથિયાર ધરાવતા ઇસમો ઉપર વોચ રાખી, આવા આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.બી.ટીમે** આજરોજ તા.૦૫/૦૫/૨૦૨૩ નાં રોજ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે વિજપડી, જાબુંડા રોડ, મોટી ધાર પાસેથી એક ઇસમને દેશી હાથ બનાવટની બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે પકડી પાડેલ છે.

**⇨પકડાયેલ આરોપીની વિગતઃ-**

**સલીમ ઉર્ફે સલીયો ઉર્ફે બાડો લતીફભાઇ લાકડ, ઉ.વ.૩૮, રહે.સાવર કુંડલા, મારૂતીનગર, તા.સાવરકુંડલા જિ.અમરેલી.**

**⇨કબ્જે કરેલ મુદ્દામાલઃ-**

એક દેશી હાથ બનાવટની બંદુક **(અગ્નિશસ્ત્ર) કિં.રૂ.૫૦૦/-**

અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી, આરોપી અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે સાવકુંડલા રુરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

તેમજ મજકુર ઇસમ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પો.સ્ટે.ના નિચે જણાવેલ ગુન્હાના કામે નાસતો ફરતો હતો.

(૧) ગુ.ર.ન.૧૧૧૮૬૦૦૨૨૨૧૧૫૧૧/૨૦૨૨ ઇ.પી.કો.કલમ- ૩૩૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ

(૨) ગુ.ર.ન.૧૧૧૮૬૦૦૨૨૨૧૧૫૩૩/૨૦૨૨ આર્મ એક્ટ કલમ- ૨૫(૧-બી)(એ),૨૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ. એમ. પટેલ** તથા **પો.સ.ઇ. શ્રી એમ.બી. ગોહિલ**, તથા **પો.સ.ઇ. શ્રી એમ. ડી. સરવૈયા**, તથા **એ.એસ.આઇ જે.કે.ચૌહાણ**, તથા **એ.એસ.આઇ બી.ડી.ભીલ**,તથા **એ.એસ.આઇ જી.જી.મકવાણા**, તથા **હેડ કોન્સ.નિકુલસિંહ રાઠોડ**, તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**⌘ પ્રેસ નોટ ⌘** **તા.૦૭/૦૫/૨૦૨૩**

## પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના રામપરા – ૨ ગામેથી આઇ.પી.એલ.ની ક્રિકેટ મેચ ઉપર સટ્ટાનો જુગાર રમી રમાડતા ત્રણ ઇસમોને કુલ કિં.રૂ.૬૭,૩૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમે** ગઇ કાલ તા.૦૬/૦૫/૨૦૨૩ નાં બાતમી હકિકત આધારે પીપાવાવ મરીન પો.સ્ટે. ના રામપરા - ૨ ગામેથી આઇ.પી.એલ. ૨૦૨૩ ની ચેન્નઇ સુપરકિંગ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચેની લાઇવ ક્રિકેટ મેચ ઉપર એન્ડ્રોઇડ મોબાઇલ ફોનમાં CRICKBUZZ એપ્લીકેશન મારફતે ક્રિકેટ મેચનો સ્કોર જાણી, કાગળમાં પોતાના નામ સામે આંકડાઓ લખી, પૈસા વડે "ક્રિકેટનો સટ્ટો" રમી/રમાડતા ત્રણ ઇસમોને પકડી પાડી, તેમજ બે ઇસમો હાજર નહી મળી આવેલ હોય, સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

(૧) લાભુ દેવાયતભાઇ વાઘ, ઉ.વ.૩૦, રહે.રામપરા- ૨, તા.રાજુલા, જિ.અમરેલી.
(૨) ભુપત દેસુરભાઇ પીંજર, ઉ.વ.૩૭, રહે.હડમતીયા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) દુલા ભીખાભાઇ લાખણોત્રા, ઉ.વ.૩૦, રહે.રામપરા- ૨, તા.રાજુલા, જિ.અમરેલી.

⇨ **પકડવાના બાકી આરોપીની વિગતઃ-**

(૪) કનુ ભીખાભાઇ વાઘ, રહે.રામપરા- ૨, તા.રાજુલા, જિ.અમરેલી.
(૫) લાલા લખમણભાઇ રામ, રહે.ભેરાઇ, તા.રાજુલા, જિ.અમરેલી.

⇨ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૦,૩૨૦/- તથા એન્ડ્રોઇડ મોબાઇલ ફોન – ૪ કિં.રૂ.૫૭,૦૦૦/- તથા ક્રિકેટ ટીમના નામો/આંકડાઓ લખેલ ડાયરી – ૧ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૬૭,૩૨૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા** તથા **પો.કોન્સ. લિલેશભાઇ બાબરીયા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.

**ક્ર પ્રેસ નોટ ક્ર** **<u>તા.૦૮/૦૫/૨૦૨૩</u>**

## <u>ચલાલા પોલીસ સ્ટેશનના છેતરપીંડી અને વિશ્ર્વાસઘાતના કામે ૨૩ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ચલાલા પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૪૮/૨૦૦૦, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦ વિ.** મુજબના કામે છેલ્લા ૨૩ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ચલાલા મુકામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ચલાલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

વિરેન્દ્રકુમાર હિંમતલાલ સોની, ઉ.વ.૬૬, રહે.અમદાવાદ, નારાયણપુરા, વિજયનગર, ફલેટ ૨૪/૧૪૪, તા.જિ.અમદાવાદ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જાદેદભાઇ ચૌહાણ**, તથા **હેડ કોન્સ. નિકુલસિંહ રાઠોડ**, તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, તુષારભાઇ પાંચાણી, શિવરાજભાઇ વાળા** દ્વારા કરવામાં આવેલ છે.